# 4 તડકો અધમણ ડાંગર ઝલમલ

P7J3Z3

### ગાઈએ ગીતિકા :

હાલો...હાલો...કેસૂડાનાં ફૂલ વીણવા,
ઓલ્યા, ફાગણની મીઠી સુગંધ ઝીલવા.
હે...ડુંગરે ડુંગરે કેસરિયો રંગ,
ઊંચેરા શીમળે લાલ લાલ રંગ;
કુંજકુંજે કોકિલાના કંઠ સુણવા... ઓલ્યા૦
હે...આવળે પાથર્યો પીળો તે રંગ,
આખે તે વગડે કેવો ઉમંગ;
હાલો ખેતરના શેઢે પીંછાં વીણવા... ઓલ્યા૦
હે...ઊડે પતંગિયાં ફૂલે ફૂલે,
ગુંજતા ભમરા કેવા ઝૂલે!
ડાળે મંજરીઓ માંડી છે ફરફરવા... ઓલ્યા૦
હે...વાયુએ વલ્લરી ડોલતી જાય,
નવા અંકુરો ઝગમગ થાય;
હાલો શુક-મેનાનું સંગીત સુણવા... ઓલ્યા૦

– મહેન્દ્રભાઈ જોષી

### વાંચો અને એના જેવાં બીજાં વાક્ય બનાવીને બોલો.

1. મને ચપટીક થાક લાગ્યો છે.
2. એક તો માથે અધમણ ટેન્શન છે ને તેમાં આ પરીક્ષા તો પાંચ ફૂટ પાસે આવી ગઈ.
3. તમે જોક સરસ કહ્યો, મને દસ ગ્રામ હસવું આવ્યું.
4. મીનાને તો ભઈ દસેક મણ અભિમાન છે, હસે તોય માંડ માંડ બે સેન્ટિમીટર.
5. કેવડો નિબંધ લખવાનો, બહેન; પાંચ ફૂટ, પાંચસો ગ્રામ, પાંચ કિલો કે મારી જીભડી જેટલો?
6. જમ્યા પછી બે ચમચી આરામ તો જોઈએ જ!

### આવી સમસ્યા દૂર કરવાનો એક ખરો ઉપાય અને એક રમૂજી ઉપાય લખો. (જોડીકાર્ય)

1. આપણા વર્ગમાંથી ધુમાડો કાઢવો છે. વીજળી નથી, શું કરીશું?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પાઈપ મૂકી, બહાર જઈ શોષી લઈશું.
- બંબાવાળાને બોલાવીશું.
- 
- 

2. મોં કડવું થઈ ગયું છે. મીઠું કરવા શું કરીશું?
   - જીભ અને દાંત નવા લગાવીશું.
   - કડવી ચીજોનાં નામ બદલીને મીઠાઈ પાડી દઈશું.
   - 
   - 

3. ખૂબ વરસાદ પછી કપડાં ભેજવાળાં થઈ ગયાં છે, ભેજ દૂર કરવા શું કરીશું?
   - તડકો લઈ આવીશું.
   - કપડાંનું તાપણું કરીશું.
   - 
   - 

4. ઘરમાં અડધો ટન અંધારું ઘૂસી ગયું છે, અંધારું કેવી રીતે ભગાડીશું?
   - પ્લાસ્ટિકના કોથળામાં ભરીને ફેંકી દઈશું.
   - મોટો પંખો ચાલુ કરી ઉડાડી દઈશું.
   - 
   - 

**તમારા ઘરમાં તડકો આવે તો શું કરો છો? તરલિકાના ઘરની વાત સાંભળો અને વાંચી સંભળાવો.**

## તડકો

એમ જ મનમાં આવ્યું અને ખુરશી પરથી ઊભા થઈ, વસંતરાયે હવાથી હલતા બારી પરના પડદાને ઉતારી લીધો. પડદો ઉતારવાની સાથે જ અધમણ તડકો આવતોકને ઓરડામાં પડ્યો. હવે શું કરવું? વસંતરાયની ચામડી એવી નાજુક હતી કે પોષ મહિનાની મોડી સવારનો આટલો તડકો પણ એમનાથી ખમાતો નહોતો. ચામડી માંડી તડતડવા અને એની સાથે જ દાઝું-દાઝું થઈ ગયેલા વસંતરાયે બૂમો પાડવા માંડી :

''કોઈ ઘરમાં છે કે નહીં? આ જુઓ, અધમણ તડકો આવી પડ્યો છે, છેક મારા ઓરડામાં - ઝટ સાવરણી લાવો ને બહાર ફંગોળી દો...''

વસંતરાયની બૂમો સાંભળીને તરલિકા દોડતી આવી - સાવરણી સાથે. ''શું થયું બાપુજી, શું થયું?''

''અરે બેટા, જો ને આ અધમણ તડકો...''

''તો તમે સાવરણી શું મંગાવી? સાણસી પણ નહીં, સાણસો જોઈશે, સાણસો; બા, ઓ બા, ઝટ ઓચ્છવભૈના ત્યાંથી સાણસો લઈને આવ. તડકો ભરાઈ ગયો છે આપણા ઘરમાં...''

તરલિકાનો અવાજ આમેય મોટો હતો અને અત્યારે તો પરિસ્થિતિય પાછી તંગ હતી... એટલે...

તરલિકા કૂદકો મારી ખુરશી પર ચઢી ગઈ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અને વસંતરાયને પણ કહ્યું, ''બાપુજી, ઝટ પલંગ પર ચઢી જાવ...''

બિચારા વસંતરાય... ધોતિયું પગમાં લપેટાયેલું તોય દોડ્યા, સહેજ પડવા જેવા થયા, પણ પાછી જાત સમાલી લીધી અને ચઢી ગયા પલંગ પર.

''પગ અધ્ધર લઈ લો, બાપુજી, આ તો તડકો છે, તડકો...'' અને તરલિકાએ એની બાને ફરી બૂમ પાડી, ''બા...ડી શું કરે છે? સાણસો લઈને ઝટ આવને...''

બા કાને બહેરી તે સાંભળે કાંઈ નહીં, પણ આપણા ઓચ્છવલાલના કાન – કહોને કૂતરા જેવા સરવા. આવું કહેવાય નહીં, પણ ઓચ્છવલાલ જાતે જ કહેતા હોય છે કે, ''રાતદા'ડો આપડે જાગતા ને જાગતા, હોં રાજ્જા. એક સહેજ સરખો સંચાર થાય અડધી રાતે તોય એ મારા કાન બહાર જાય નહીં, હોં. મારા કાન કૂતરાથીય ભારે ભૂંડા છે...''

ઓચ્છવલાલ તરલિકાની પહેલી બૂમે સાણસો શોધવા માંડ્યા ને બીજી બૂમે સાણસા સાથે હાજર થયા. આવતામાં જ ઓચ્છવલાલે પૂછ્યું, ''નાગદાદાએ દેખા દીધી છે?''

તરલિકા કહે, ''સાપ-સાફને તો કોણ ગણે છે? એને તો પૂંછડીએ ઝાલીને ફંગોળી દઉં... આ તો જુઓને ઓચ્છવકાકા, આટલો બધો તડકો...'' આ સાંભળતાં સાંભળતાં ઓચ્છવલાલ બારણા પાસેથી ખુરશી પર સાણસા સાથે ચઢી ગયા.

''તો છોડી, કે'તી કેમ નથી કે તડકો આવ્યો છે... સાણસાનું શું કામ છે? હવે આટલામાં કોને ત્યાં માછલાં પકડવાની જાળ હશે – શી ખબર... તારી બાજુના ટેબલ પર ફોન છે... ગભરાયા વગર તું ફાયરબ્રિગેડવાળાને ફોન કર ને કહે કે અધમણ જેટલો તડકો ઘરમાં ઘૂસી આવ્યો છે, તો માછલાં પકડવાની જાળ સાથે આવે... ઝટ, ફોન કરને... તલ્લી...''

વસંતરાય બિચ્ચારા ગાભરા ગાભરા થઈ ગયા હતા. તરલિકાએ કંપતા હાથે ફાયરબ્રિગેડને ફોન કર્યો ને કહ્યું, ''માછલાં પકડવાની મોટી જાળ લઈને આવો–નરસિંહ ઍપાર્ટમેન્ટ, ટોલનાકા, અમદાવાદ - 22... હા, ગણેશ બિલ્ડિંગથી બે મિનિટને રસ્તે જ છે. પણ ઝટ આવો હોં ભાઈ.''

પણ ત્યાં તો સામેથી રિસીવર મુકાઈ ગયું હતું. ''તેં આ બારીનો પડદો કાઢ્યો? તે તલ્લી?'' ઓચ્છવલાલે પૂછ્યું.

''ના રે ના, મારા બાપુજી... બીજું કોણ? ઉંમર થાય છે એમ નાના ને નાના થતા જાય છે, બોલો!''

તરલિકા બોલતી હતી એ દરમિયાન વસંતરાય ચૂપ જ રહ્યા હતા. ''પણ આ પડદો બારીએથી હટાવવાની જરૂર શી પડી તમારે? તમેય ખરા છો યાર, હોં વસંતરાય!'' ઓચ્છવલાલ સાણસો ખુરશી પરથી નીચે લબડાવતા બોલ્યા ત્યાં તો તરલિકાએ બૂમ પાડી, ''ઓ ઓચ્છવકાકા, જુઓ તડકો ખસી તમારા ભણી આવે છે. જો, જો, સાણસો ઊંચે લઈ લો...''

અને સાચોસાચ તડકો પા-અડધો ઈંચ તો ખસ્યો જ હતો. તરલિકાના કહેવા સાથે જ ઓચ્છવલાલે સાણસો સટાક ઊંચો લઈ લીધો અને હાંફવા માંડ્યા.

''કશું થશે નહીંને મને?'' ઓચ્છવલાલે પૂછ્યું.

''હજી પાંચ ફૂટ આઘો છે તમારાથી, પછી ફિકર શું કરો છો કાકા?'' તરલિકાએ ઓચ્છવલાલને આશ્વાસન આપ્યું.

''પણ હજી બંબાવાળો કેમ ન આવ્યો?'' વસંતરાયે છેવટ જતાં, ન રહેવાયું એટલે પૂછ્યું.

''આવતો જ હશે... લ્યો, સાયરન સંભળાય છે બંબાની...'' અને ઓચ્છવલાલના બાકીના શબ્દો બંબાની સાયરનમાં ડૂબી ગયા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



નરસિંહ ઍપાર્ટમેન્ટમાં આવતાં બંબાવાળાને વાર ન લાગી. ગણવેશ પહેરેલા ત્રણ જુવાનો દોડતાં-કૂદતાં આવી પહોંચ્યા. એકના હાથમાં માછલી પકડવાની જાળ હતી. બીજા પાસે પાણી છાંટવાની પાઇપ હતી અને ત્રીજા પાસે ફાયરપ્રૂફ કપડાં હતાં. ફાયરપ્રૂફ કપડાંવાળા અફસર ઝટઝટ આવીને પૂછે, ''શું છે?''

બીજો પૂછે, ''આગ લાગી છે?''

ત્રીજો કહે, ''જવાબ આપોને, થયું છે શું?''

અને ત્યારે વસંતરાયે માત્ર આંખોથી, ઓચ્છવલાલે હાથની ચેષ્ટાથી, અધમણ તડકો ચીંધ્યો, જ્યારે તરલિકાએ જોરથી બૂમ પાડી, ''જો, જો, બંબાવાળાભાઈઓ... અમારા ઘરમાં તડકો અને એય વધતો, ઓછો નહીં; એક સાથે અધમણ પડ્યો છે...''

''શું? તડકો?''

અને એની સાથે જ ત્રણેય લાયબંબાવાળા દોડતાક બંબે જઈ સાયરન વગાડતાં વગાડતાં જાય નાઠા, જાય નાઠા.

ત્યાં તરલિકાનાં બા આટલી ધમાલનો આછો અણસાર સાંભળતાં વસંતરાયના ઓરડામાં આવ્યાં. તરલિકાએ ભયાનક ચીસાચીસ સાથે પોતાની બાને ચેતવી, ''બા, બા, ત્યાં બારીએ ના જતી.''

વસંતરાય પણ હાંફળાફાંફળા થઈ કહેતા હતા, ''તમે સાંભળો છો તરલિકાની બા – ત્યાં તડકો છે...''

ઓચ્છવલાલને તડકાથી દાઝીને ભડથું થઈ ગયેલા એકસાથે અનેક માણસો સાંભર્યા અને એમણે આંખો મીંચી દીધી – ''બિચ્ચારાં બહેરાં ભાભી... આ તલ્લીને પૈણાવવાના કોડ સાથે જશે... હે રામ...!''

– ચિનુ મોદી

- **વાતચીત :**
  - તમને ક્યારે ક્યારે હસવું આવ્યું?
  - આવું સાચેસાચ બને કે પછી આ વાત તરંગી તુક્કો કે કલ્પના લાગે છે?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઘરમાં આવતા તડકાને બહાર કાઢવાનો પ્રયત્ન કરતા માણસો તમને કેવા લાગે?
- તમારા ઘરમાં આવી પડેલા તડકાથી તમારે બચવું જ હોય તો તમે શું શું કરો?
- તમારા ઘરમાં તેવું શું બનેલું કે તમારા પાડોશીએ મદદ કરવા આવવું પડ્યું હોય ? તેમણે શી મદદ કરેલી?
- ઘરમાંથી સાપ/ઉંદર/ગરોળી/વંદો કાઢવા શું શું કરો?
- તમે ફાયરબ્રિગેડના માણસોને ક્યાં જોયા છે? તેઓ કઈ રીતે ઓળખાઈ જાય? તેમનું કામ શું હોય છે?
- તમારા ઘરમાં મણ કે અધમણ તડકો આવી ચડે તો તમે આવું કરો? શા માટે?

**'હા' કે 'ના' કહો.**

1. વસંતરાયના ઓરડાની બારી પૂર્વ દિશા તરફ ખૂલે છે.
2. તરલિકાનો અવાજ લાઉડ સ્પીકર જેવો મોટો છે.
3. વસંતરાય વસંતઋતુ જેવા આનંદી સ્વભાવના છે.
4. તરલિકાને મમ્મી નથી ગમતી તેથી તરલિકા તેમને 'બા...ડી' કહી બોલાવે છે.
5. ઓચ્છવલાલ રાજાને કહે છે, "હું હંમેશાં જાગતો જ હોઉં છું."
6. વસંતરાયની ઉંમર વધતાં તેઓ સ્વભાવે બાળક જેવા બની ગયા છે.
7. વસંતરાય, ઓચ્છવલાલ જેવા બહાદુર પુરુષો રહેતા હોવાથી તેમના ઍપાર્ટમેન્ટનું નામ 'નરસિંહ ઍપાર્ટમેન્ટ' રાખ્યું છે.
8. તરલિકા ભોંયતળિયે જ ઊભી રહે છે.
9. લાયબંબાવાળા અધમણ તડકાને જોતાં જ ગભરાઈને નાસી છૂટે છે.
10. વસંતરાયના ઓરડામાં ઘણો બધો અવાજ થવાથી તેમનાં પત્નીને લાગે છે કે ઓરડામાં થોડો ખખડાટ થાય છે.
11. છેવટે તડકો ઘરમાંથી નીકળી ગયો.

**આ વાર્તા મુજબ કયો અર્થ વધારે બંધબેસતો લાગે છે? વાર્તામાંનું વાક્ય વાંચીને ✓ કરો.**

- દેખા દેવી એટલે શું કરવું? : દેખાવું/જોવું/દેખીને જતું રહેવું
- ખમાવું નહિ એટલે શું? : શરમાવું નહિ/ખાવું નહિ/સહન ન થવું
- ગાભરા થઈ જવું એટલે કેવા થઈ જવું? : ગંભીર થઈ જવું/ગભરાઈ જવું/ગભરામણ થવી
- અણસાર આપવો એટલે શું કરવું? : ઈશારો કરવો/અણી બતાવવી/વાર્તાનો સાર કાઢવો
- ચીંધવું એટલે શું કરવું?: ચિંતા કરવી/આંગળીથી બતાવવું/તીર તાકવું

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પા ભાગ એટલે? : અડધો અડધ/અડધાનું અડધું/ગ્લાસના પાણી જેટલું
- અધમણ એટલે કેટલું? : 20 કિલોગ્રામ જેટલું/10 કિલોગ્રામ જેટલું/પુષ્કળ
- દાઝવું એટલે શું? : સળગી જવું/ગરમ વસ્તુને અડકી જવું/બળી જવું

- **એ હાલો, થોડી ફાગણની મીઠી સુગંધ ઝીલી લઈએ. ગાઈએ ગીતિકા**

**વાક્યો વાંચો. લીટી દોરેલા શબ્દોના અર્થ કૌંસમાંથી શોધો અને તેની નીચે લીટી દોરો.**

1. ડૉલીના ઘરે રમ્યા પછી ફિયોનાના માથામાં <u>અધમણ</u> ધૂળ ભરાઈ હતી. (દસ કિલો/સામાન્ય કરતાં ખૂબ વધારે/રોજ ભરાતી એટલી)
2. એકના એક પૌત્રને દાદી ખૂબ લાડકોડથી ઉછેરતાં હતાં. આડોશપાડોશની કોઈ વ્યક્તિ તેને કશું કહી જાય એ દાદીથી <u>ખમાતું નહોતું</u>. (ફાવતું નહિ/સહન થતું નહિ/કહેવાતું નહિ)
3. બાથરૂમમાંથી નીકળતી વખતે મમ્મીના ખભા પર ગરોળી પડી. તેણે હાથની ઝાપટ મારી ગરોળીને દૂર <u>ફંગોળી દીધી</u>. (ઝડપથી ફેંકી દેવું/મૂકી દેવું/દૂર ધક્કો મારવો)
4. મારે આજે ચાર પાનાનું લેસન હતું. એમાંથી ત્રણ પાનાં તો મારે લખાઈ ગયાં છે. પોણા ભાગનું લેસન તો પતી ગયું કહેવાય, હવે <u>પા ભાગનું</u> લખતાં કેટલી વાર! (આખું/અડધું/અડધાનુંય અડધું)
5. શાળાના મેદાનમાં સાપ જોઈને બાળકો <u>હાંફળાંફાંફળાં થઈને</u> સાહેબ પાસે દોડી ગયાં. (ગભરાઈને/હાંફતાં હાંફતાં/ઝડપથી)

**જોડીમાં બેસો. વાક્યો મોટેથી વાંચી જુઓ. જે શબ્દ બરાબર ન લાગતો હોય તે છેકી નાખો.**

1. કચરો હંમેશાં કચરાપેટીમાં ફેંકવો/ફંગોળવો જોઈએ.
2. ચાલુ વાહનમાં બેસવા જતાં ફેંકાઈ/ફંગોળાઈ જવાય.
3. અમે બધા તો બેન્ચ પર ચઢી ગયા પણ રશ્મિ તે કંઈ ડરે? એણે તો કાચિંડાને પૂંછડીથી પકડી બારી બહાર ફેંકી દીધો. / ફંગોળી દીધો.
4. બગડી ગયેલાં ફળ અમારે ફેંકી/ફંગોળી દેવાં પડ્યાં.
5. આઘો રહે! હમણાં જ ગેસ બંધ કર્યો છે. અડકીશ તો સળગી જઈશ./દાઝી જઈશ.
6. રોટલો હોય કે રોટલી થોડીથોડી વારે ફેરવવી પડે, નહિતર તે સળગી જાય./બળી જાય./દાઝી
7. શાળામાંથી મારાં ચંપલ ભૂલમાં બીજું કોઈક પહેરી ગયું તે દિવસ તો હું દાઝતો દાઝતો/સળગતો સળગતો ઘેર આવ્યો.
8. ગમે તેમ કરી ઉંદરને બહાર કાઢો. એ જ્યારથી પ્રવેશ્યો/ભરાયો છે બધું કાતરી જ ખાય છે.
9. ચાર ચોર એક જ ઘરમાં ચોરી કરવા પેઠા./પ્રવેશ્યા./ભરાયા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- 'તડકો' વાર્તા મોટેથી વાંચો.

**વાક્ય વાંચો. જે વિકલ્પો વાક્યમાંની વાતના અર્થ સાથે બંધબેસતા હોય તેમની આગળ ✓ કરો. (જૂથકાર્ય)**

1. વસંતરાયની ચામડી એવી નાજુક હતી કે પોષ મહિનાની મોડી સવારનો આટલો તડકો પણ એમનાથી ખમાતો નહોતો.
   - (    ) શિયાળાનો કૂણો તડકો વસંતરાયની ચામડી સહન કરી શકતી નહોતી.
   - (    ) તડકો ચઢે પછી વસંતરાય કશું ખાઈ શકતા નહોતા.
   - (    ) પોષ મહિનામાં બપોર થતાં પહેલાં તડકો ખૂબ આકરો થઈ જાય.
2. તરલિકાએ કંપતા હાથે ફાયરબ્રિગેડને ફોન કર્યો ને કહ્યું, ‘‘માછલાં પકડવાની મોટી જાળ લઈને આવો – નરસિંહ ઍપાર્ટમેન્ટ, ટોલનાકા, અમદાવાદ-22...હા, ગણેશ બિલ્ડિંગથી બે મિનિટને રસ્તે જ છે. પણ, ઝટ આવો હોં ભાઈ.’’
   - (    ) તડકાની સમસ્યાને કારણે તરલિકા થોડી ગભરાયેલી હતી.
   - (    ) તરલિકાએ લાયબંબાવાળાને ફોન કર્યો હતો.
   - (    ) તરલિકાનું કુટુંબ ગણેશ બિલ્ડિંગમાં રહેતું હતું.
   - (    ) ગણેશ બિલ્ડિંગ અમદાવાદ શહેરમાં આવેલું હતું.
   - (    ) નરસિંહ ઍપાર્ટમેન્ટથી ગણેશ બિલ્ડિંગ સુધી પહોંચતાં બે જ મિનિટ લાગે.
3. ઓચ્છવલાલને તડકાથી દાઝીને ભડથું થઈ ગયેલા એકસાથે અનેક માણસો સાંભર્યા અને એમણે આંખો મીંચી દીધી – ‘‘બિચારાં, બહેરાં ભાભી... આ તલ્લીને પૈણાવવાના કોડ સાથે જશે... હે રામ....’’
   - (    ) ઓચ્છવલાલે એવા ઘણા માણસો વિશે સાંભળ્યું હતું કે જેઓ તડકાથી દાઝીને મૃત્યુ પામ્યા હતા.
   - (    ) ઓચ્છવલાલે તડકો ન જોવો પડે તે માટે પોતાની આંખો બંધ કરી દીધી હતી.
   - (    ) તરલિકા બહેરી હતી.
   - (    ) તરલિકાનાં બાને તેને પરણાવવાની હોંશ હતી.
   - (    ) ઓચ્છવલાલને લાગ્યું કે તરલિકાનાં બા તડકાથી દાઝીને મૃત્યુ પામશે.

**આ વાક્યો કોણે, કોને, કેવી રીતે (ઠપકો, સાહસ, ડર, સલાહ) કહ્યા? તે લખો.**

| | | | |
|---|---|---|---|
| • ઓચ્છવલાલના ઘરેથી ઝટ સાણસો લઈ આવો. | તરલિકા | મમ્મીને | સલાહ |
| 1. કોઈ આ તડકાને કાઢો. | | | |
| 2. સાપ-સાફને તો કોણ ગણે છે! | | | |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. મને કશું થશે તો નહીંને! ______ ______ ______

4. તમારે પડદો ઉઠાવવાની જરૂર શા માટે પડી? ______ ______ ______

5. ઝટ આવજો હો ભાઈ! ______ ______ ______

6. બાપુજી, તમે ઝટ પલંગ પર ચઢી જાઓ. ______ ______ ______

7. વસંતરાય, તમેય ખરા છો! ______ ______ ______

**ત્રણ વખત 'તડકો પડ્યો' એવી બૂમો પાડી પ્રશ્નોના જવાબ આપો.**

1. વસંતરાયે બારી પરથી પડદો કેમ ઉતાર્યો હતો?
2. ઓચ્છવલાલ સાણસો મંગાવવાનું કારણ શું સમજ્યા હતા?
3. વસંતરાય પલંગ પર ચઢવા ગયા ત્યારે પડવા જેવા કેમ થયેલા?
4. તડકાથી સૌથી વધુ કોણ ગભરાય છે? કેમ?
5. ફાયરબ્રિગેડવાળા શું શું લઈને આવ્યા?
6. ફાયરબ્રિગેડ આવી પહોંચી છે એ વાતની બધાંને કેવી રીતે ખબર પડી?
7. તડકો જોઈને લાયબંબાવાળાઓએ શું કર્યું?
8. તરલિકાએ તેની બાને તડકાથી ચેતવવા માટે શું કર્યું?
9. તમને સૌથી સાહસિક પાત્ર કોણ લાગ્યું? કેમ?

- આ પૈકી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો :

**વાક્યોને વાર્તાની ઘટના મુજબનો ક્રમ આપો. દરેક વાક્ય વાંચીને જેટલું હસવું આવે એટલા 'હી'ની સંખ્યા અંગ્રેજી શબ્દમાં લખો.**

( ) ફાયરબ્રિગેડના માણસો તડકાથી ડરીને ભાગી ગયા. ______

( 1 ) ઓરડામાં અધમણ તડકો જોઈ વસંતરાય ડરી ગયા. હી હી હી - Three

( ) ઓચ્છવલાલને લાગ્યું કે આટલો બધો તડકો પકડવા તો ફાયર બ્રિગેડ બોલાવવી પડે. ______

( ) તરલિકાએ વસંતરાયને પલંગ પર ચઢી જવાની સલાહ આપી. ______

( ) તરલિકાના બાએ આખી વાત પર પડદો પાડી દીધો. ______

- **કેસૂડાનાં ફૂલ વીણી લો, હાલો! ગાઈએ ગીતિકા...**

**ઘરમાં બધાને પૂછીને કયા મહિનાનો તડકો કેવો હોય તે કૌંસમાંથી શોધીને લખો.**

(કાળઝાળ, ધોમધખતો, ઓતરાચીતરા, કૂણો, હૂંફાળો, આકરો, મીઠો)

| | | |
|---|---|---|
| કારતક : ______ | ફાગણ : ______ | અષાઢ : ______ |
| માગશર : ______ | ચૈત્ર : ______ | શ્રાવણ : ______ |
| પોષ : ______ | વૈશાખ : ______ | ભાદરવો : ______ |
| મહા : ______ | જેઠ : ______ | આસો : ______ |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ વાર્તા બીજી કઈ કઈ રીતે કહી શકાય? લખો. (જૂથકાર્ય)

| એક વખતની વાત છે... | એવું થાય છે કે... | હવે એવું થશે કે... |
|---|---|---|
| એક ઘરડા ઉંદરે કહ્યું, '' | એક ઘરડો ઉંદર કહે છે, ''બિલાડીના ગળે ઘંટ.'' બીજો ઉંદર કહે છે, ''તેના કરતાં ઝાંઝર સારું.'' ઉંદરડીઓ સ્પ્રિંગવાળું ઝાંઝર શોધી લાવે છે અને બિલાડીની ફરવાની જગ્યાએ ઝાંઝર મૂકી દે છે. બિલાડીના પગમાં ઝાંઝર પહેરાઈ જાય છે. એ દિવસથી પૃથ્વી પરથી બિલાડીની સંખ્યા ઓછી થઈ જાય છે અને ઉંદરની વસતી ખૂબ વધી જાય છે. | એક ઘરડો ઉંદર કહેશે, '' |
| | | ફિયોનાના પપ્પા દાદા માટે સાંભળવાનું મશીન લાવશે. તે પછી દાદા ફિયોનાની બધી વાત સાંભળી શકશે. દાદા ફિયોનાની તકલીફ સમજી જશે. તે ફિયોનાના દાદી અને મમ્મીને તેમનું વર્તન સુધારવા કહેશે. હવે તેમને આયાની જરૂર નહિ રહે. ફિયોના હવે ઉદાસ નહિ રહે. તે હવે ખુશખુશાલ રહેશે. |

વાક્યો ધ્યાનથી વાંચો અને ક્રિયા દર્શાવતા શબ્દ(ક્રિયાપદ)ના બે ભાગ ઓળખાવો.

| | ક્રિયાપદ | ક્રિયા-1 | ક્રિયા-2 |
|---|---|---|---|
| 1. કાગડો ઝાડ પરથી ઊડ્યો. | ઊડ્યો | ઊડવું | – |
| કાગડો ઝાડ પરથી ઊડી ગયો. | ઊડી ગયો | ઊડવાની | જવાની |
| 2. પવનથી ડાળી ભાંગશે. | ભાંગશે | ભાંગવાની | – |
| બે વાંદરાના વજનથી ડાળી ભાંગી પડી. | ભાંગી પડી | ભાંગવાની | પડવાની |
| 3. રોહિતે ફટાકડા ફોડ્યા. | | | |
| રોહિતે બધા ફટાકડા ફોડી નાખ્યા. | | | |
| 4. મમ્મી નયના માટે સાઈકલ લાવી. | | | |
| મમ્મીએ નયનાને સાઈકલ લાવી આપી. | | | |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | ક્રિયાપદ | ક્રિયા-1 | ક્રિયા-2 |
|---|---|---|---|
| 5. પરાગ લેસન લખશે.<br>પરાગ લેસન લખી બતાવશે.<br>6. મારા માટે કેરી લાવશો?<br>મારા માટે કેરી લાવી રાખશો?<br>7. પૈસા આપો.<br>પૈસા આપી રાખો.<br>8. વાતવાતમાં છેલ્લા વાક્યે આવ્યાં.<br>વાતવાતમાં છેલ્લા વાક્યે આવી પહોંચ્યાં. | | | |

**આપેલા ફકરામાં કઈ કઈ બે ક્રિયાઓ સાથે આપેલી છે? તે ક્રિયાઓ નીચે લીટી કરો.**

થોડી ક્ષણોમાં 'ધડ...ધડ...ધડ...' એવો અવાજ સંભળાવા માંડ્યો. જાણે લાકડાની છત પર સેંકડો સૈનિક કૂચ કરતા હોય તેમ કોઈકના ચાલવાના અવાજથી જમીન ધ્રૂજવા લાગી. દિગ્વિજયની આંખો ચકળવકળ થવા માંડી. એ કશું પણ વિચારે એ પહેલાં તો ડુંગર જેવડું એક વિશાળ, ભયંકર ડાયનાસોર એ ચોરસની સામે આવી ઊભું રહ્યું.

**ઉદાહરણનો અભ્યાસ કરો. એક જ ક્રિયા હોય ત્યારે શું અર્થ થાય અને બે ક્રિયા સાથે બોલીએ કે લખીએ ત્યારે શો અર્થ થાય છે તે વાંચો.**

(અ) મેનકાએ પરેશને ધક્કો માર્યો.

(બ) મેં છોતરાં કચરાપેટીમાં નાખ્યાં.

(ક) મમ્મીએ વંદો મારી નાખ્યો.

અહીં, વાક્ય (અ)માં માર્યું એટલે હડસેલ્યું, ધકેલ્યું. વાક્ય (બ)માં નાખ્યું એટલે કશાકની અંદર નાખ્યું, ઉમેર્યું. વાક્ય (ક)માં મારી નાખ્યો એટલે જીવ લઈ લીધો, ખતમ કરી દીધો.

(અ) ઘરમાં ઘૂસવા માટે ચોરે દીવાલ તોડી.

(બ) છોકરા ઝાડ પર ચઢીને કેરી પાડશે.

(ક) ગેરકાયદેસર બાંધેલું મકાન સરકારે તોડી પાડ્યું.

અહીં, વાક્ય (અ)માં તોડવું એટલે ભાંગવું, ભાંગી નાખવું. વાક્ય (બ)માં પાડવું એટલે નીચે પાડવું. વાક્ય (ક)માં તોડી પાડવું એટલે નાશ કરવો.

**ઉદાહરણ વાંચો. કૌંસમાં આપેલી ક્રિયાઓનો ઉપયોગ કરી વાક્યો પૂરાં કરો.**

**ઉદાહરણ :** કપડાં ઘણાં હતાં. સમય ઓછો હતો. મેં ઝટપટ કપડાં ધોઈ કાઢ્યાં. (ધોવું + કાઢવું).

1. આમ તો તે મકાન જાગૃતિબહેનનું હતું. પણ સુધાબહેને છેતરીને ________ (પચાવવું + પાડવું).



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. ટીનાનો ભાઈ અચાનક મૃત્યુ પામ્યો. તેમના કુટુંબ પર તો જાણે આભ ________ (તૂટવું + પડવું).

3. મને જવાબ પાક્કો આવડે છે એટલે હું તો ફટાફટ ________ (લખવું + નાખવું)

4. આરવ અને દ્વિજ એવી તો વાંસળી વગાડે કે સાંભળતાં જ આપણે ________ (નાચવું + ઊઠવું).

5. મારી મમ્મીની ઝડપ તો એવી કે કલાકમાં તો પંદર માણસની રસોઈ ________ (રાંધવું + કાઢવું).

**ઉદાહરણ પ્રમાણે બંને ક્રિયાઓના અર્થ લખો અને તે બે ક્રિયાઓની સંયુક્ત ક્રિયાનો અર્થ જાણો.**

| | ક્રિયા-૧ | અર્થ | ક્રિયા-૨ | અર્થ | સંયુક્ત ક્રિયા | અર્થ |
|---|---|---|---|---|---|---|
| ઉદાહરણ | જોવું | આંખોથી દેખાવું | લેવું | બીજા પાસેથી કંઈક લેવું, ખરીદવું | જોઈ લેવું ભરાવી દેવું | સામનો કરવો |
| 1. | ચાટવું | | જવું | | ચાટી જવું | લાગી આવવું |
| 2. | નાહવું | | નાખવું | | નાહી નાખવું | આશા છોડી દેવી |
| 3. | પકડવું | | રાખવું | | પકડી રાખવું | જીદ કરવી, હઠ કરવી |
| 4. | પડવું | | ભાંગવું | | પડી ભાંગવું | નિરાશ થવું, આશા છોડી દેવી |
| 5. | ધોવું | | પીવું | | ધોઈ પીવું. | ગણકારવું નહીં |

**ઉપરની સંયુક્ત ક્રિયાઓનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** જોઈ લેવું : સામેની ટીમ આપણા કરતાં મજબૂત હોય તો ભલે, મેદાનમાં જોઈ લઈશું એમને.

1. ________ : ________
2. ________ : ________
3. ________ : ________
4. ________ : ________
5. ________ : ________
6. ________ : ________

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હાઈલા! તલ્લીના ઘરમાંથી ભાગીને તડકો તો ડાંગરના ખેતરમાં આવી ગયો! સાંભળો, ગાઓ, ગવડાવો.

## ડાંગરના ખેતરમાં તડકો

ડાંગરના ખેતરમાં તડકો
રોજ સવારે ઝૂલે ડાંગર થઈને
રોજ સવારે તડકો ઝૂલે શેઢા ઉપર
પીળાં પીળાં રાઈ તણાં ફૂલ થઈને

દૂર ક્યારડો વાલોળે લીલો
ભમ્મર થઈને ચક્કર ચક્કર ઘૂમતો
ને પાસ થોરની ટોચ ટુકડો આભ બનીને
ચટાક રાતો રંગ લહેરમાં ચૂમતો
બહાર ઊભેલો આંબો એનાં
પાન પાન આ ઊડી જાય રે પંખી ટહુકા થઈને

ડાંગરના ખેતરમાં તડકો
રોજ સવારે ઝૂલે ડાંગર થઈને

નીક મહીં ખળખળતા જળમાં
આભ પડી અમળાય

સૂરજના અસ્ત વ્યસ્ત ટુકડા તરતા રેલાય
કાંટાળા બાવળમાંથી સૂરજનાં કિરણો
જીર્ણશીર્ણ થઈ તિરાડ તૂટી ભોંય ઉપર ઠેલાય
રંગરંગનાં પડ્યાં ગાબડાં સીમ મહીં
ને સીમ તણા શેઢાઓ તો આ
ખીલે રે ફૂલે રે ઝૂલે સવાર થઈને

ડાંગરના ખેતરમાં તડકો
રોજ સવારે ઝૂલે ડાંગર થઈને

– મણિલાલ દેસાઈ



- **વાતચીત :**
  - તમને આ કવિતામાં કઈ પંક્તિ ગમી? મોટેથી વાંચી સંભળાવો.
  - તડકે બેસવાની મજા ક્યારે ક્યારે આવે?
  - તમને કેવો તડકો ન ગમે? તમને ક્યારે તડકો ન ગમે?
  - ખેતર-વાડીમાં જાઓ તો કયા કયા રંગ જોવા મળે? શાના શાના રંગો?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સૂરજ આથમે ત્યારે કેવા કેવા રંગો દેખાય છે?
- તડકામાં કઈ કઈ વસ્તુઓ સૂકવવામાં આવે છે?
- પાણીમાં પડતો તડકો, ઘાસ પરના ઝાકળ પર પડતો તડકો અને રેતી પર પડતો તડકો ત્રણેયમાં શો તફાવત હોય?

**કવિતામાં ન આવતું હોય તેના પર છેકો મારો.**

રાઈનાં ફૂલ, ઝરણું, ખેતર, શેઢો, કોસ, હીંચકો, થોરની ટોચ, બળદગાડું, આકાશનો ટુકડો, ચાંદો-સૂરજ, આંબા પરની કેરી, તુવેર, વાલોળ, કોયલ, ઘઉં, નીક, નદીનું ખળખળ પાણી, સુબાવળ, જમીન, તિરાડવાળી દીવાલ, કાગડો, ગુલમોરનાં રંગીન ફૂલો, ડાંગર

**સૌથી નજીકનો અર્થ લાગતો હોય તે વિકલ્પ સામે ✓ કરો.**

1. થોરની ટોચ ટુકડો આભ બનીને; ચટાક રાતો રંગ લહેરમાં ચૂમતો
   - આકાશ તૂટી જતાં તેનો એક ટુકડો થોરની ટોચ પર આવી ગયો.
   - સવારનો તડકો અડવાથી થોરની ટોચ લાલ રંગના આકાશ જેવી લાગે છે.
   - થોરની ટોચ લહેરમાં આવીને આકાશને અડી ગઈ છે.
2. બહાર ઊભેલો આંબો એનાં પાન પાન; આ ઊડી જાય રે પંખીટહુકા થઈને
   - આંબાનાં બધાં પાન લઈને પક્ષી ઊડી ગયાં છે.
   - આંબાનાં પર્ણનો આકાર પક્ષીઓ જેવો છે.
   - આંબા પર ઘણાં બધાં પક્ષી ગીતો ગાઈ રહ્યાં છે.
3. કાંટાળા બાવળમાંથી સૂરજનાં કિરણો; જીર્ણશીર્ણ થઈ તિરાડ તૂટી ભોંય ઉપર ઠેલાય
   - બાવળ વચ્ચેથી પસાર થઈને તડકો જમીનને અડે ત્યારે ટુકડા ટુકડા થયેલો લાગે.
   - બાવળના કાંટા વાગવાથી તડકો જમીન પર પડી જાય.
   - સૂરજનાં કિરણો જમીન પરની તિરાડમાં પેસી ગયાં છે.
4. રંગરંગનાં પડ્યાં ગાબડાં સીમ મહીં
   - સવારના તડકાને કારણે સીમની વનસ્પતિ પર અવનવા રંગો દેખાય છે.
   - સીમમાં ખાડા પડ્યા છે અને તેમાં જુદા જુદા રંગ ભરી રાખ્યા છે.
   - સીમાના ગાલે ખાડા પડ્યા છે.
5. સૂરજના અસ્તવ્યસ્ત ટુકડા તરતા રેલાય
   - સૂરજ અસ્ત થતી વખતે વ્યસ્ત થઈ પાણીમાં તરી રહ્યો છે.
   - સૂરજના ટુકડા થઈને વેરવિખેર થઈ નીકના પાણીમાં તરતા વહી જાય છે.
   - નીકના પાણીમાં સૂરજના પ્રતિબિંબના છૂટાછવાયા ટુકડા વહી રહ્યા છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

• તો બોલો, કેસૂડાંના ફૂલ વીણવાં છે કે ડાંગરના ખેતરમાં તડકો જોવા જવું છે?

યોગ્ય કારણ સામે ✓ કરો.

તડકો વાલોળે ચક્કર ઘૂમે છે. કારણ કે...

- વાલોળનો વેલો એ રીતે ગોઠવાયેલો હોય છે.
- તડકો અને વાલોળ ફેરફૂદરડી રમે છે.
- વાલોળના વાંકાચૂકા વેલા પર તડકો પહોંચતો નથી.

ચાર દિવસ જુદા જુદા સમયે તડકાનું અવલોકન કરીને પછી આખું ખાનું માત્ર તડકાથી ભરી દો. તે રંગ કેવો છે? જેમકે, પાકાં કેળાં જેવો, લીંબુની છાલ જેવો...

| (સવારનો) | (બપોરનો) | (સાંજનો) | (વાદળછાયા દિવસનો) |
| --- | --- | --- | --- |
| | | | |

લીટી કરેલી જગ્યાએ તમને ગમતા શબ્દો લખી પંક્તિઓ પૂરી કરો.

1. (કૂવા, ધોરિયા, તલાવડી/છબછબે, છલકાય, મલકાય)
   ______ મહીં ખળખળતા જળમાં,
   આભ પડી ______
2. (જુવાર, કપાસ, મકાઈ ડૂંડું, જીંડવું, ડોડો)
   ______ ના ખેતરમાં તડકો
   રોજ સવારે ઝૂલે ______ થઈને
3. (જાંબુડો, પીપળો, લીમડો/મીઠો કલરવ)
   બહાર ઊભેલો ______ એનાં પાન પાન
   આ ઊડી જાય રે ______ થઈને
4. રોજ સવારે તડકો ઝૂલે શેઢા ઉપર
   ______ ______ તણાં ફૂલ થઈને
   (તમને ગમતા રંગ અને વનસ્પતિનાં નામ લખો.)

આ બધા શબ્દો આવી જાય તે માટે તમે કેટલાં વાક્ય બનાવશો? આ બધા શબ્દો આવી જાય છતાં વાક્ય ઓછા બને તેવો પ્રયત્ન કરો.

શેઢો, નીક, મજા, થોર, ડાંગર, ખરેખર, તડકો, સુંદર

શબ્દોને યોગ્ય રીતે ગોઠવીને વાક્ય બનાવો. (જોડીકાર્ય)

1. હોય છે આંધળાં જન્મ વખતે બચ્ચાં રીંછનાં
2. ધાબડધીંગી રાખતી આઘો ને આઘો પહેલવાનને



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. ઢીબાયા પછી કાનૂન અને વ્યવસ્થા રીંછકુટુંબમાં પાકી થઈ પહેલવાનના
4. હિંમતવાન બની ગયેલાં ધાબડધીંગીનાં બચ્ચાં મોટાં થતાં
5. ધાબડધીંગી જેવું એક રીંછબાળ તેની મા મોટું થયા પછી થયું

**કૌંસમાં આપેલા સમાનાર્થી શબ્દ મૂકી વાક્ય મોટેથી વાંચો. તમે આ એક વાક્ય કેટકેટલી રીતે કહી શકો છો તે જુઓ. (જૂથકાર્ય)**

1. આપના (તમારા/તમે રહો છો તે/તમારું ઘર છે તે) વિસ્તારમાં પરિવહન (વાહનવ્યવહાર/ અવરજવર/જાનમાલની હેરફેર)ને લગતાં લગભગ બે લાખ વાહનો છે.
2. આજે શહેરનું મુખ્ય ફ્રુટ માર્કેટ ખૂબ (બહુ/ઘણું/ઘણી) જ વ્યસ્ત (કામકાજમાં ગૂંથાયેલું/અવરજવરવાળું/લેવડદેવડ થતી હોય તેવું/ગ્રાહક અને વેપારીઓથી ભરચક) છે.
3. મહિલા (નારી/સ્ત્રી/બહેન) આમ્રબૅંકની બેઠક (મીટિંગ/ચર્ચા સમિતિ) હમણાં શરૂ થઈ. મધુબહેન તેનાં અધ્યક્ષ (વડા/પદાધિકારી) છે.
4. આ લાંબા ચોરસ (લંબચોરસ/સમબાજુ ચતુષ્કોણ/સમાંતરબાજુ ચતુષ્કોણ)માં દર્શાવેલા બેઉ (બંને/બેય/બે) મોટા ત્રિકોણના ક્ષેત્રફળ સમાન (સરખાં/માપોમાપ/એકબીજા જેટલાં) છે.
5. આ કાર્ય (કામ/કાજ/કરવું તે) સરળ (સહેલું/મોટા ભાગના લોકો કરી શકે તેવું/આવડી જાય તેવું) છે.
6. ચિકિત્સકે (દાક્તરે/ડૉક્ટરે/વૈદ્યે) બીમાર (પેશન્ટ/માંદા/વ્યાધિગ્રસ્ત) વ્યક્તિ (માણસ/માનવ/ મનુષ્ય)ને ઇલાજ માટે ઔષધિ (દવા/ગોળીઓ/ઉપચાર કરતી સામગ્રી) આપી.

- **ગાઈએ ગીતિકા : હાલો, હાલો...**

**ઉદાહરણ વાંચો અને તે પ્રમાણે યોગ્ય શબ્દ મૂકી વાક્ય પૂરું કરો.**

- સોમવાર પછી મંગળવાર આવે.
- આ વાર્તા આવતા મંગળવારે ફરી વાંચીશું.
- પહેલાં ગીત ગાઈએ પછી ચિત્ર દોરીશું.
- હમણાં મમરા ખાઈ લો, પછી ખીચડી શાક આપું.
- હજી હમણાં તો લાડવો ખાધો, હવે ફરી ખાવો છે?
- મને આ ગીત ખૂબ ગમ્યું, હજી ફરી ગાઈશું?

1. અત્યારે ફક્ત પેન્સિલથી ચિત્ર દોરી લઈએ. રંગ ______ પૂરીશું.
2. દાખલો ગણતાં પહેલાં રકમ ધ્યાનથી વાંચો અને ______ તેની રીત વિચારો.
3. મામાને ત્યાં ગયા રવિવારે ભલે ગયા હતા, આ રવિવારે ______ જઈશું.
4. અત્યારે ફક્ત બારણાં સાફ કરી લઈએ, બાકીનું કામ ______ કરીશું.
5. ગણિત ______ શાનો તાસ છે? ગુજરાતીનો?
6. મને આ શાક ખૂબ ભાવ્યું. ______ આપશો?
7. આવજો ત્યારે. ______ ક્યારે આવશો?
8. સંભળાયું નહીં, ______ બોલો ને!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## હસો :

કનુ : તડકો પડ્યો. 108 બોલાવવી પડશે?

મનુ : હાય હાય! તેને વાગ્યું? તૂટી ગયો કે આખો રહ્યો?

- **લગભગ સરખા :**

**કુંજ**-ઝાડ અથવા વેલાનાં પાંદડાંથી થયેલી ઘટા, લતામંડપ; **કંઠ સુણવા**-કંઠમાંથી નીકળતો અવાજ (સૂર) સાંભળવા; **આવળ**-એક વનસ્પતિ; **મંજરી**-કૂંપળ; **વલ્લરી**-વેલ; **અંકુર**-ફણગો; **શુક-મેના**-પોપટ અને મેના; **ખમાતો નહોતો**-સહન થતો નહોતો; **તડતડવા માંડી** -બળવા માંડી ; **સરવા**-ઝટ સાંભળે તેવા, ચપળ; **દેખા દીધી**-પ્રગટ થયા, નજરે પડ્યા , દેખાયા; **ફાયરબ્રિગેડ**-આગ બુઝાવનારી ટુકડી; **ઍપાર્ટમેન્ટ**-અનેક ફ્લેટવાળું બહુમાળી મકાન; **ટોલનાકા**-જકાતનાકા; **ભણી**-તરફ, બાજુએ; **ફાયરપ્રૂફ**-આગથી સુરક્ષિત કરાયેલું; **ચેષ્ટાથી**-હાવભાવથી; **અણસાર**-સંકેત; **ક્યારડો**-જેમાં પાણી ભરાઈ રહે એવું પાળ બાંધેલું ડાંગરનું ખેતર; **ચટાક રાતો**-ખૂબ રાતો, ખૂબ લાલ; **લહેરમાં**-ખુશ થઈને; **નીક**-પાણી જવાનો રસ્તો; **મહીં**-અંદર; **જીર્ણશીર્ણ**- સાવ તૂટ્યું ફૂટ્યું ; **ઠેલાય**-ધકેલાય

- **શબ્દભંડાર :**

## તને સાંભરે રે...

- તડકાના રંગ પૂરતી વખતે તમે કયા કયા રંગો પૂર્યા હતા?
- શબ્દોની રમત હોય તેવી કઈ કઈ પ્રવૃત્તિઓ આપણે કરી હતી?
- વાર્તા અને કવિતા વખતે શિક્ષકે બોર્ડ પર શું લખ્યું હતું?
- વાર્તાના ચિત્રનું હસવું આવે તેવું વર્ણન કરો.
- આ એકમ ભણ્યા પછી તમે 'તડકો' જુઓ તો તમને કયા કયા વિચાર આવે છે?
- નીચેના ખાનામાં નિરાંતે વિગતો ભરો. ગમતી-ન ગમતી પ્રવૃત્તિનો ક્રમાંક લખો.

| એકમ | ગમેલી પ્રવૃત્તિઓ | ઓછી/ન ગમેલી પ્રવૃત્તિઓ | શું ઉમેરવા/સુધારવા જેવું લાગે છે? |
|---|---|---|---|
| 1 | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચન ઝડપ વધારવાની રમત

એમ તો વહેલ અનેકવાર
અમને મળવા આવતી.
મોટેભાગે નાની નાની
વહેલ જ આવતી,
ને ટોળે વળીને અમારી
આસપાસ સળવળાટ કર્યા કરતી.
ક્યારેક રાક્ષસી વહેલો પણ
આંટા મારી જતી
ક્યારેક એ ક્ષિતિજ
પર જતાં
જહાજોની જેમ
પસાર થતી
અને નસકોરામાંથી પાણીના
જબ્બર ફુવારા ઉડાડતી
જતી દેખાતી, તો ક્યારેક
વળી સીધો અમારી ઉપર
ઘસારો પણ લઈ આવતી.
પહેલીવાર એક મોટી વહેલ અમારા
તરાપા તરફ ફંટાઈ ત્યારે હાથવેંતમાં
રહેલી એની સાથેની ભયાનક
અથડામણ માટે અમે  તૈયાર
થઈ ગયા. ધીમે
ધીમે એનો આકાર
મોટો થતો
ગયો અને

પાણીમાંથી એ મસ્તક ઊંચું કરતી તે પ્રત્યેક વેળાના એના ઊંડા ભારેખમ શ્વાસના સ્પષ્ટ થડકારા અમે સાંભળતા ગયા. જાડા ચામડાવાળું ભૂંડુંભૂખ કોઈ જબ્બર જાનવર જાણે પાણીમાં આવી પડ્યું હોય એવું એ લાગતું હતું. પક્ષીઓની દુનિયામાં જેમ ચામાચીડિયું તેમ જળચરોની સૃષ્ટિમાં આ વહેલ પ્રાણી પણ નોખું તરી આવતું હતું.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in